ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, (સ્વનિર્ભર શાળાઓ)
સરનામું- જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અનાવિલ ભવન સામે,
કારેલીબાગ, વડોદરા.
E-mail: frcvadodara@gmail.com

---

નંબરઃ એફ.આર.સી./વડોદરા/આણંદ/દરખાસ્ત નં.૬૧/૨૦૧૮ તથા ૬૩/૨૦૧૮.
તારીખ- ૧૦-૦૮-૨૦૧૮.

ક્રમાંક/FRC/૨૦18 /258
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા..21./.08/૨૦18

(૧) શાળાની દરખાસ્ત તથા તમામ રજુ કરેલા કાગળો.
(૨) ધી ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક ૨૦૧૭.
(૩) ધી ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો-૨૦૧૭.
(૪) સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયામાં દાખલ થયેલ સ્પેશિયલ લીવ અપીલ (સીવીલ) નં.૩૧૪/૨૦૧૮ ના તમામ હુકમો.

## આદેશ

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧ ના નિયમ-૬ અન્વયે અરજદાર સહજાનંદ ઇન્ટરનેશનલ સ્કુલ, સોજીત્રા આણંદ રોડ, સોજીત્રા, જી.આણંદ શાળાની ફી નિર્ધારણ અંગેની દરખાસ્ત ફોર્મ નં.૨ માં જરૂરી દસ્તાવેજો સાથે ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) ફી નિયમન સમિતિમાં દરખાસ્ત રજુ થતા સમિતિ ધ્વારા તેની ચકાસણી કરવામાં આવી છે તેમજ અગાઉની મીટીંગોમાં શાળાને ફી નિર્ધારણ માટે સુનાવણી કરી, તેઓની રજુઆત ધ્યાને લેવામાં આવી છે અને તેઓની ફી વ્યાજબી હોવાની રજુઆત કરવામાં આવી છે.

(૩) સ્વનિર્ભર કેટલીક શાળાઓ તરફથી નામદાર સુપ્રિમ કોર્ટમાં (Special Leave to Appeal (Civil)No.314/2018તા.૧૫-૦૧-૨૦૧૮, તા.૦૧-૦૨-૨૦૧૮, તા.૧૯-૦૨-૨૦૧૮ ના આદેશો અન્વયે તેમજ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બમસ/૧૧૧૮/૧૫૭/છ, તા.૦૧-૦૩-૨૦૧૮ અન્વયે ફી નિયમન સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલી શાળાને દરખાસ્ત અંગે પ્રોવિઝનલ ફી નકકી કરવાનું ઠરાવેલ છે.

(૪) સમિતિ ધ્વારા અરજદાર શાળાની ફી દરખાસ્ત અંગે કરેલી ફીના વ્યાજબીપણાની માગણી સંદર્ભે તેઓના સને ૨૦૧૫-૧૬, સને ૨૦૧૬-૧૭ ના હિસાબોની ચકાસણી કરતા શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા, શાળાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ, તેઓના પગાર, વહીવટી ખર્ચ, શાળાના મકાન ભાડા ઘસારા ખર્ચ, શાળા ધ્વારા વિદ્યાર્થીઓની સગવડો જોતાં પ્રાથમિક તબકકે આખરી ફી નિર્ણય થઇ શકે તેમ નથી. તેઓના રજુ કરેલા હિસાબો અને આવકો ધ્યાને રાખતા શાળા ધ્વારા નફો કરતી હોવાની શકયતાને નકારી શકાય તેમ નથી. શાળા ધ્વારા લેવામાં

ફી નિયમન સમિતિ • વડોદરા ઝોન, વડોદરા.

Scanned by CamScanner

આવતી ફી ઘણી જ વધારે અને ગેરવ્યાજબી જણાય છે. ફી નિયમન કાયદાનો ઉદ્દેશ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે શાળાની પ્રોવિઝનલ ફી નકકી કરવામાં આવી છે.

(પ) અરજદાર શાળા ધ્વારા પ્રિ.પ્રાયમરી અને પ્રાયમરીના વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ફકત ૬૫ છે. સરેરાશ ૨૫૦ વિદ્યાર્થીઓનો ખર્ચ ધ્યાને લઇ શકાય. વધુમાં શાળા ધ્વારા હિસાબો રજુ કરવામાં આવેલા હિસાબો અને ખર્ચમાં પગાર ખર્ચ તરીકે રૂ.૨૪,૬૮,૦૦૦/- ઇલેકટ્રીસીટી બીલની રકમ રૂ. ૩,૬૦,૦૦૦/- એકટીવીટી ખર્ચ તરીકે રૂ.૪,૨૫,૦૦૦/- કોમ્પ્યૂટર ખર્ચ તરીકે રૂ.૩,૦૦,૦૦૦/- હાઉસકીપીંગ તરીકે રૂ.૨,૦૦,૦૦૦/- પરીક્ષા ફી રૂ.૫૦,૦૦૦/- પરચુરણ ખર્ચ તરીકે રૂ.૨૫,૦૦૦/- વસુલવામાં આવે છે જે માત્ર ૬૨ વિદ્યાર્થીઓના ખર્ચમાં ઘણો જ ફીનો વધારો ગણી શકાય. આમ, શાળા ધ્વારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવો જોઇએ અને તેથી શાળા ધ્વારા માગવામાં આવેલી ફી ગ્રાહય રાખી શકાય નહિ.

(૬) ચાર્ટડ એકાઉન્ટન્ટ તથા વેલ્યુઅર ધ્વારા હિસાબોની ચકાસણી કર્યા બાદ તેમજ ૨૦ ટકા સરપ્લસ તથા ૫ ટકા ભવિષ્યના ડેવલપમેન્ટ ખર્ચનો ઉમેરો કર્યા બાદ શાળાના માન્ય વ્યાજબી ખર્ચ ગણતા અને ૨૫૦ વિદ્યાર્થીઓના ખર્ચની સરખામણીમાં વિદ્યાર્થી દીઠની ફી રૂ.૧૬,૨૩૦/- નકકી થાય છે. જેથી શાળા ધ્વારા માંગવામાં આવેલ પ્રિ.પ્રાયમરી વિદ્યાર્થીની ફી રૂ.૨૦,૦૦૦/- પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીની ફી રૂ.૩૨,૦૦૦/- અને અપર પ્રાયમરી વિભાગની ફી રૂ.૪૦,૦૦૦/- સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે ગ્રાહય રાખી શકાય નહિ. સને ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે વિદ્યાર્થી દીઠ રૂ.૧૭,૦૦૦/- ફી નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં | માધ્યમ | ધોરણ | શાળા ધ્વારા પ્રપોઝ કરાયેલ વિદ્યાર્થી દીઠ ફીની રકમ ૨૦૧૮-૧૯ | સમિતિ ધ્વારા નકકી કરાયેલ વિદ્યાર્થી દીઠ ફીની રકમ સને ૨૦૧૭-૧૮. |
|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | પ્રિ.પ્રાયમરી | રૂ.૨૦,૦૦૦/- | રૂ.૧૭,૦૦૦/- |
| ૨ | અંગ્રેજી | પ્રાયમરી | રૂ.૩૨,૦૦૦/- | રૂ.૧૭,૦૦૦/- |
| ૩ | અંગ્રેજી | અપર પ્રાયમરી | રૂ.૪૦,૦૦૦/- | રૂ.૧૭,૦૦૦/- |

**શરતોઃ-**

(૧) આથી એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સને ૨૦૧૮-૧૯ ના વર્ષની વાર્ષિક ફી સને ૨૦૧૭-૧૮ ના વર્ષની નકકી કરેલ ફીની રકમના ૫ ટકા રકમ કરતાં વધારે રકમ લઇ શકશે નહિ અને કોઇ પણ સંજોગોમાં ત્રિમાસિક ફી કરતાં વધુ સમયની ફી લઇ શકશે નહિ.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા.

Scanned by CamScanner

(૨) આથી એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સને ૨૦૧૭-૧૮ ના વર્ષની નકકી કરેલી પ્રોવિઝનલ ફી કરતાં વધારે ફી શાળા લઇ શકશે નહિ અને શાળાએ જો વધારે ફી લીધી હોય તો તેઓને વિદ્યાર્થીઓને પરત કરવાની રહેશે ને જો ઓછી ફી વિદ્યાર્થી ધ્વારા ભરેલી હશે તો વિદ્યાર્થીએ સરભર કરવાની રહેશે.

(૩) સમિતિ ધ્વારા નકકી કરવામાં આવેલ પ્રોવિઝનલ ફી સમિતિના આખરી હુકમોને આધિન રહેશે. જે કોઇ પણ વાંધા સાંભળી તેમાં ફેરફારને આધિન રહેશે અગર ફી રીવીઝન સમિતિને અથવા નામદાર સુપ્રિમ કોર્ટના આખરી હુકમને આધિન રહેશે.

(૪) સમિતિ ધ્વારા સને ૨૦૧૭-૧૮ ના વર્ષની નકકી કરેલ પ્રોવિઝનલ ફીની ૫ ટકા રકમનો વધારો સને ૨૦૧૮-૧૯ અને સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટે લઇ શકશે.

(૫) ફી નિયમન સમિતિએ જાહેર કરેલ પ્રોવિઝનલ ફીની સામે શાળાને જો કોઇ વાંધો હોય તો આ હુકમની તારીખથી ૭ (સાત) દિવસમાં ફી નિયમન સમિતિ સમક્ષ રજુઆત કરી શકશે.

(૬) ફી નિયમન સમિતિ ધ્વારા નિર્ધારિત કરેલ પ્રોવિઝનલ ફીની વિગતો શાળા ધ્વારા નોટીસ બોર્ડ તથા શાળાની વેબસાઇટ ઉપર ગુજરાતી તથા અંગ્રેજીમાં પ્રદર્શિત કરવાની રહેશે.

વડોદરા.
તારીખઃ- ૧૦-૦૮-૨૦૧૮.

(લલિત આર.મહેતા)
ચાર્ટડ એકાઉન્ટન્ટ

(રમેશચંદ્રજી કોઠારી)
શિક્ષણ શાસ્ત્રી

( જી.એન.રણા )
અધ્યક્ષ/નિવૃત્ત જજ

(જગદીશ એ.શુકલ)
શાળા સંચાલક મંડળના
પ્રતિનિધિ

(હેમંત શાહ)
વેલ્યુઅર.

પ્રતિ,
<u>અરજદાર સહજાનંદ ઇન્ટરનેશનલ સ્કુલ, સોજીત્રા આણંદ રોડ, સોજીત્રા, જી.આણંદ</u>

**નકલ રવાનાઃ-** સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા.

Scanned by CamScanner